ક્રમાંક:ઉક/એમએસએમઇ/એમડીએ/ ટી.નં-૨૬૩
ઉદ્યોગ કમિશનરની કચેરી,
બ્લોક નં ૧/૨, ચોથો માળ,
ઉદ્યોગ ભવન, સેક્ટર નં ૧૧, ગાંધીનગર
તા.૩૦/૦૮/૨૦૧૬

પ્રતિ,
જનરલ મેનેજરશ્રી,
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
..........................

વિષય : ઔદ્યોગિક નીતિ -૨૦૧૫ હેઠળની માર્કેટ ડેવલોપમેન્ટ યોજનાની સ્કીમ – ૨ અન્વયે અમલીકરણ અને સહાય મંજૂરી અંગે ધ્યાને લેવાની વિગતો બાબત

સંદર્ભ : (૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવક્રમાંક. જીએફસી-૧૦૨૦૧૪-૯૨૬૩૨૫-પી, તા.૨૭/૦૨/૨૦૧૫.
(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગનો સુધારા ઠરાવક્રમાંક. જીએફસી-૧૦૨૦૧૪-૯૨૬૩૨૫-પી, તા. ૦૪/૦૪/૨૦૧૬.
(૩) અત્રેનો પત્ર ક્રમાંક. ઉક/સખ/એમડીએ-૨૦૧૫/૧૧૧૯૯૯૬, તા.૧૪/૧૦/૨૦૧૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સંદર્ભ-૧ મુજબના ઠરાવમાં સંદર્ભ – ૨ થી સુધારા ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ સ્કીમ – ૨ " Assistance For Participating in International Trade Fair outside India " અંતર્ગત મળેલ અરજીઓ મંજૂર કરવા તેમજ ચુકવણી કરવાની કામગીરી જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએથી કરવાની રહે છે. જે મુજબ સ્કીમ -૨ અંતર્ગત મળેલ અરજીઓના અમલીકરણ અને સહાય મંજૂરી બાબતે આ સાથેના પરિપત્ર તેમજ પરિપત્ર સાથેના Annexure-A ધ્યાને લેવા તથા સુનાઓનો ચુસ્ત પણે અમલ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : પરિપત્ર ની નકલ

નાયબ ઉદ્યોગ કમિશનર(પ્રોત્સાહન)

ક્રમાંક:ઉક/એમએસએમઇ/એમડીએ/ક્રા.નં. 262
ઉદ્યોગ કમિશનરની કચેરી,
બ્લોક નં ૧/૨, ચોથો માળ,
ઉદ્યોગ ભવન, સેક્ટર નં ૧૧, ગાંધીનગર
તા.30/૦૮/૨૦૧૬

પ્રતિ,
જનરલ મેનેજરશ્રી,
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
..........................

વિષય : ઔદ્યોગિક નીતિ -૨૦૧૫ હેઠળની માર્કેટ ડેવલોપમેન્ટ યોજનાની સ્કીમ – ૨ અન્વયે અમલીકરણ અને સહાય મંજૂરી અંગે ધ્યાને લેવાની વિગતો બાબત.

સંદર્ભ :(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવક્રમાંક. જીએફસી-૧૦૨૦૧૪-૯૨૬૩૨૫-પી, તા.૨૭/૦૨/૨૦૧૫.
(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગનો સુધારા ઠરાવક્રમાંક. જીએફસી-૧૦૨૦૧૪-૯૨૬૩૨૫-પી, તા. ૦૪/૦૪/૨૦૧૬.
(૩) અત્રેનો પત્ર ક્રમાંક. ઉક/સખ/એમડીએ-૨૦૧૫/૧૧૧૯૯૯૬, તા.૧૪/૧૦/૨૦૧૫.
(૪) અત્રેનો પત્ર ક્રમાંક. ઉક/ એમએસએમઇ/MDA-2/૧૧૭૭૫૪૦ થી ૧૧૭૭૫૭૨, તા.૧૩/૦૪/૨૦૧૬.
(૫) તા.૧૫/૦૭/૨૦૧૬ના રોજ યોજયેલ SLIC મીટીંગની કાર્યવાહી નોંધ.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સંદર્ભ-૧ મુજબના ઠરાવમાં સંદર્ભ – ૨ થી સુધારા ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ સ્કીમ – ૨ " Assistance For Participating in International Trade Fair outside India " અંતર્ગત મળેલ અરજીઓ મંજૂર કરવા તેમજ ચુકવણી કરવાની કામગીરી જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએથી કરવાની રહે છે. જેની જાણ ઉક્ત સંદર્ભ – ૪ થી કરવામાં આવેલ છે. જે મુજબ સ્કીમ -૨ અંતર્ગત મળેલ અરજીઓના અમલીકરણ અને સહાય મંજૂરી બાબતે નીચે મુજબની માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લેવા તથા સુચનાઓનો ચુસ્ત પણે અમલ કરવા જણાવવામાં આવે છે.

1. અરજદાર એકમે **આ યોજનાની અરજી ઓનલાઇન કરવાની રહેશે તથા તેના અરજીપત્રકની પ્રીન્ટ આઉટ સાથે ચેક લીસ્ટ મુજબની તમામ વિગતો / પુરાવા સહિત હાર્ડકોપીમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને રજૂ કરવાની રહેશે.**

2. તા.૨૧/૦૭/૨૦૧૫ની SLAC બેઠકમાં નિયત થયા મુજબ એમએસએમઇ એકમોએ પરદેશમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનાં ઔધોગીક પ્રદર્શનમાં ભાગ લીધેલ હોય તેના સમયગાળાના છેલ્લા દીવસથી ૨ મહીનાની સમયમર્યાદામાં ઓનલાઇન અરજી કરવાની રહે છે. તેમજ અરજીપત્રકની હાર્ડકોપી સાથે લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને ચેકલીસ્ટ મુજબના તમામ દસ્તાવેજી પુરાવા રજુ કરવાના રહે છે. **સમયમર્યાદા માટે Online અરજીની તારીખ ધ્યાને લેવાની રહેશે.**

3. ભારત બહાર યોજવામાં આવતાં **આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં** ભાગ લેવા બદલ **આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અયોજકોને** સ્ટોલ અથવા જગ્યાના ભાડાપેટે ચુકવેલ રકમ (સ્ટોલરેન્ટ)ના ૫૦ ટકા તથા પ્રદર્શનમાં ભાગ લેવાના હેતુથી છપાવેલ પ્રોડક્ટ લીટરેચર / કેટલોગ અને ડીસ્પ્લે મટેરીયલના ખર્ચાઓના ૫૦ ટકા વધુમાં વધુ રૂ. ૫૦,૦૦૦/- સુધી એમ કુલ મળી મહત્તમ રૂ. ૪,૦૦,૦૦૦/- સુધી સહાય મળવાપાત્ર થાય છે. તે સિવાયનો અન્ય કોઇપણ ખર્ચ સહાયપાત્ર થતો નથી.

4. અરજીપત્રક સાથે એકમે રજૂ કરેલ ખર્ચ પત્રક મુજબ ખર્ચને લગતા આધારો (રેકોર્ડ)સાથે ચકાસણી કરી તેમજ વિદેશી ચલણમાં ચુકવણી બાબતે તે સમયના ફોરેન એક્ષ્ચેન્જના દર, બેન્ક રેમીટન્સ એડવાઇઝ તથા બેન્ક સ્ટેટમેન્ટની વિગતો ધ્યાને લઇ ચકાસણી કરી સ્ટોલરેન્ટનો સહાયપાત્ર ખર્ચ નક્કી કરવાનો રહેશે.

5. મીડીયમ એન્ટરપ્રાઇઝના  કિસ્સામાં પ્લાન્ટ અને મશીનરીમાં મુડી રોકાણ રૂ. ૧૦ કરોડની નજીકમાં હોય તો ફક્ત EM- 2 ઉપર આધાર ન રાખતા, એકમના ઇન્સ્પેક્શન વખતે એકમનું પ્લાન્ટ અને મશીનરીમાં મુડી રોકાણ રૂ. ૧૦ કરોડથી વધતું નથી તેની ચકાસણી કરવાની રહેશે તથા તપાસણી અહેવાલમાં આ અંગેની નોંધ કરવાની રહેશે.આ બાબતે મૂડીરોકાણની મહતમ મર્યાદા MSMED Act-2006 મુજબ Micro, Small અને Medium Enterprise (એકમ) ની જણાવેલ વ્યાખ્યા પ્રમાણે તથા વખતો વખતના સુધારા પ્રમાણે લાગુ પડશે.

6. ઘણી વખત પ્રદર્શનનાં બિલીંગમાં **"સ્ટોલ રેન્ટ"** તરીકેનો શબ્દ વપરાય છે.જેનો મતલબ ખાલી જગ્યા તથા તેના પર રચવામાં આવેલ સ્ટોલ બંનેનુ સંયુકત ભાડું થાય,આવા કિસ્સામાં અલગથી કોઇ **કન્સ્ટ્રકશન ચાર્જ,શેલ સ્કીમ ચાર્જ** જેવા નામ હેઠળ અન્ય કોઇ ચૂકવણા માન્ય રાખવાનાં રહેશે નહિ. પરંતુ જયાં **"સ્ટોલ રેન્ટ"** ની જગ્યાએ **"સ્પેસ રેન્ટ"** શબ્દ પ્રયોજાયો હોય,એટલે કે ખાલી જગ્યાનું ભાડું દર્શાવ્યુ હોય,અને સાથે અન્ય બિલમાં સ્ટોલ કન્સ્ટ્રકશન ચાર્જ,શેલ સ્કીમ ચાર્જ જેવા શબ્દોમાં ભાડું વસૂલ્યુ હોય,તો તે ભાડા સંયુકત પણે માન્ય ખર્ચ તરીકે ગણવાનાં રહેશે.

7. તા.૧૫/૦૭/૨૦૧૬ના રોજ મળેલ SLIC બેઠકમાં નક્કી થયા મુજબ આ યોજના હેઠળની અરજીઓમાં નીચે મુજબના મુદ્દાઓનુ ચુસ્ત પણે અમલ કરવનો રહશે.

- Stall Rent નાં બીલમાં ફક્ત Stall Rent તથા Construction Charge માન્ય રાખવાના રહેશે. અન્ય ખર્ચાઓ માન્ય રાખવાના રહેશે નહી.તદુપરાંત,જે બીલમાં Registration fees તરીકે દર્શાવેલ રકમ,જો સ્ટોલ ભાડાનાં ઇન્સ્ટોલમેન્ટ પેટે જ હોય,તો માન્ય રાખવાનું રહેશે.
- Stall Rent નું ચુકવણું અરજદાર એકમે Exhibition ના Organizer ને કરેલ છે કે કેમ? તેની ખરાઇ જીલ્લા ઉધોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી એ કરવાની રહેશે.જેનાં માટે Payment ને લગત Documents જેવાકે બીલ,બેંન્ક સ્ટેટમેંન્ટ,રેમીટન્સ એડવાઈસ,તે સમયનાં ફોરેન એક્ષ્ચેન્જ રેટ વિગેરે....ની તપાસણી કરી ખરાઇ કરવાની રહેશે.
- Catalog, Display Material તથા Flex Banners નો જ ખર્ચ માન્ય ગણવાનો રહેશે. જેમાં વિઝિટીંગ કાર્ડ,3D Animation, Video CDs વિગેરે જેવા ખર્ચ માન્ય રાખવાનાં રહેશે નહી.

- તા:૨૪/૦૮/૨૦૧૬ નાં રોજ યોજાયેલ વરિષ્ઠ આધિકારીશ્રીની બેઠકમાં ખાસ ઉધોગ કમિશનરશ્રીએ આપેલ સુચના મુજબ આ સાથેના Annexure-A મુજબના ૦૭/૦૯/૨૦૧૫ નાં રોજ યોજાયેલ SLIC ની બેઠકમાં કમિટી દ્વારા મંજુર થયેલ Exhibitions ને માન્ય ગણી ઉપરોક્ત ગાઇડલાઇન ધ્યાને લઇ સ્કીમ – ૨ " Assistance For Participating in International Trade Fair outside India " અંતર્ગત જી.ઉ.કે ખાતે મળેલ અરજીઓ મંજૂર કરવાની તેમજ ચુકવણી અંગેની કામગીરી જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ કરવાની રહેશે.તેમજ ૦૭/૦૯/૨૦૧૫ નાં રોજ યોજાયેલ SLIC ની બેઠકમાં મંજૂર થયેલ Exhibitions સિવાયના વિદેશમાં યોજાયેલ અન્ય Exhibition માં MSME એકમે ભાગ લીધેલ હોય અને જી.ઉ.કે ખાતે ઔદ્યોગિક નીતિ -૨૦૧૫ હેઠળની માર્કેટ ડેવલોપમેન્ટ યોજનાની સ્કીમ – ૨ હેઠળ દરખાસ્ત મળે તો,તેવા Exhibitions ની માહિતી સંપુર્ણ વિગતો સાથે વડી કચેરીએ મોકલી આપવાની રહેશે,જેથી લગત Exhibitions ની મંજૂરી અર્થે જરૂરી કાર્યવાહી હાથ ધરી શકાય.

બિડાણ : Annexure-A ની નકલ

નાયબ ઉદ્યોગ કમિશનર(પ્રોત્સાહન)

## Annexure-A

Approved list by SLIC of International Trade Fare / Exhibition for sanction assistance under MDA – 2015(Scheme-2), application.

***List of 2014-2015 International Exhibition / Events as per ITPO website: (From January 2015)***

| Sr. | Name | Venue | Time if any |
|---|---|---|---|
| 1. | Intermoda | Guadalajara (Maxico) | January, 2015 |
| 2. | Sao PailoPret-a-Porter | Sao Paulo, Brazil | January, 2015 |
| 3. | MUBA | Basel(Switzerland) | February 6-15,2015 |
| 4. | Expocomar | Panama | March,2015 |
| 5. | Secutech | Taipei (Taiwan) | March,2015 |

***List of 2015-2016 International Exhibition / Events as per ITPO website:***

| Sr. | Name | Venue | Time if any |
|---|---|---|---|
| 1. | Beauty World | Dubai (UAE) | May 26-28, 2015 |
| 2. | National Hardware Show | Las Vegas (USA) | May 5-7, 2015 |
| 3. | 13th Global Indian Festival | Kuala Lumpur (Malaysia) | June 3-7, 2015 |
| 4. | Food Processing and Packaging Expo | Philippines | June 24-26,2015 |
| 5. | Summer Fancy Food Show | New York (USA) | June 28-30, 2015 |
| 6. | Dar-es-Salam International Trade Fair, | Dar-Es-Salam (Tanzania) | June/ July, 2015 |
| 7. | Africa Big Seven/SAITEX | Johannesburg (South Africa) | June 21-23, 2015 |
| 8. | 36th India Garment Fair | Osaka (Japan) | July 22-24, 2015 |
| 9. | 26th India Home Furnishing Fair | Osaka (Japan) | July 22-24, 2015 |
| 10. | Ramadan Food and Household Exhibition | Kuwait | July/ August 2015 (Subject to availablity of space) |
| 11. | Thessaloniki Intl Fair | Thessaloniki (Greece) | September 5-13, 2015 |
| 12. | Feria Del Hogar/Home Fair | Bogota (Colombia) | September 3-20, 2015 |
| 13. | Fiera Del Levante | Bari (Italy) | September 12-20, 2015 |

| Sr. | Name | Venue | Time if any |
|---|---|---|---|
| 14. | India Sourcing Fair, | Almaty (Kazakhstan) | September 25-29, 2015 |
| 15. | India Sourcing Fair | Nairobi (Kenya) | September,2015 |
| 16. | ANUGA | Cologne (Germany) | October. 10-14, 2015 |
| 17. | India Sourcing Fair | Brazil | October, 2015 |
| 18. | India Sourcing Fair | Argentina | October, 2015 |
| 19. | Tehran Industry International Fair | Tehran (Iran) | October 5-8, 2015 |
| 20. | Tunis International Trade Fair | Tunisia | October, 2015 |
| 21. | Foodex Saudi | Jeddah (Saudi Arabia) | November 17-20, 2015 |
| 22. | MEDICA | Dusseldorf (Germany) | Nov 16-19,2015 |
| 23. | AAPEX | Las Vegas (USA) | November 3-5, 2015 |
| 24. | AFL-Artigiano De Fiera | Milan (Italy) | Dec. 5-13, 2015 |
| 25. | India Sourcing Fair | Colombo (Sri Lanka), | December 8 - 12, 2015 |
| 26. | IM INTERMODA | Guadalajara (Mexico) | January,2016 |
| 27. | India Sourcing Fair | Bangladesh | January, 2016 |
| 28. | Addis Chamber International Trade Fair | Addis Ababa (Ethiopia) | Feb./ March 2016 |
| 29. | EXPOCOMAR | Panama | March 2016 |
| 30. | Intl. Hardware Show,<br>(Practical World) | Cologne (Germany) | March 2016 |
| 31. | Cairo International Fair | Cairo (Egypt) | March 2016 |
| 32. | Sydney Royal Easter Show | Sydney (Australia) | March, 2016 |

***<u>List of 2015-2016 International Exhibition / Events as per NSIC website:</u>***

| Sr. | Name | Venue | Time If Any |
|---|---|---|---|
| 1. | Hannover Messe 2015, | Hannover, Germany) | 3-17 April 2015 |
| 2. | Kenya Plast&Compack Kenya, | Nairobi, Kenya | 10-12 June 2015 |
| 3. | 48th Mos Intl. Trade & Business Fair, | Celje, Slovenia | 08-13 Sep 2015 |
| 4. | India Sourcing Fair, | Almaty, Kazakhstan | 25-29 Sep 2015 |
| 5. | Eurasia Packaging, | Istanbul, Turkey | 22-25 Oct 2015 |
| 6. | Korea Metal Week 2015, | South Korea | 28-31 Oct 2015 |